શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૯
અંક : ૭

## ટકાઉ ખેતી

દોસ્તો, વરસાદ વાવણી લાયક થઈ ગયો છે. જે આનંદની વાત છે.

વાવણી દરેક વિસ્તારોમાં થોડી આગળ પાછળ થઈ છે. કપાસની વાત કરીએ તો કપાસના બિયારણમાં બે પ્રકારની દવાના પટ્ટ આપેલ હોવાથી ફૂગ તથા ચુસીયા પ્રકારની જીવાતો કપાસને ૪૫ દિવસ નુકશાન ના કરી શકે. શરત એ છે કે પાકા બીલ વાળા બિયારણની ખરીદી કરેલી હોવી જોઈએ. ૪૫ દિવસ સુધી કોઈ ઝેર આપવાની જરૂરીયાત નથી. જરૂર જણાય તો ૧૫૦૦ પીપીએમનું નીમ ઓઈલ એક પંપમાં ૫૦–૬૦ મીલી મીકસ કરી છંટકાવ કરવો. ફાયદો કરતી જીવાતનું રક્ષણ થશે, નુકશાન કરતી જીવાતનો નાશ થશે અને એક ઝેરનો છંટકાવ ઓછો થશે.

મિત્રો, ખેડૂતો પહેલો સ્પ્રે મોનો અને એસીફેટનો કરે છે. જે તમામ જીવો માટે ખતરનાક છે. બીજુ કે મોનો અને એસીફેટ બંને દવાઓ એક જ ગ્રુપની છે. બંને દવાઓના કાર્ય એક સરખા જ છે. બંને દવાઓ ભેગી છાંટવાથી નુકશાન થાય છે. તેમજ મોનોક્રોટોફોસ દવા તો વિશ્વ આરોગ્ય સંસ્થાએ પ્રતિબંધિત કરેલ છે.

કપાસનું વાવેતર પહોળા પાટલે હોય તો કઠોળ જેવા આંતરપાકનું વાવેતર કરવું જેથી વધારાની આવક થાય, ઉપયોગી જીવાતોનું પ્રમાણ વધે, જમીનમાં નાઈટ્રોજનની ઘટ પૂરાય અને પિયત – નિંદામણનો ખર્ચ પણ ઘટે.

દોસ્તો, અમુક ખેતરોમાં ખાસ કરીને તળાજા તાલુકામાં મગફળીના પાકમાં સુકારો (ફૂગ) જોવા મળ્યો જેના ઉપાયમાં હાલ તો ટ્રાયકોડર્મા (હરજીયમ)ને કોહવાયેલ છાણીયા ખાતર અથવા ખાધ્ય–અખાધ્ય ખોળ સાથે મિશ્ર કરીને ઉપયોગમાં લેવાય. મગફળી પીળી પડવાના પણ વાવડ છે જેના માટે સસ્તો અને સરળ ઉપાય છે કે લોહ તત્વની ખામીને દુર કરવા માટે એક પમ્પમાં ૧૦૦ થી ૧૫૦ ગ્રામ હીરાકસી અને ૧૦ થી ૧૫ ગ્રામ લીંબુના ફૂલ એક પમ્પમાં મિશ્રણ કરીને જરૂરીયાત મુજબ છંટકાવ કરવો.

***– ડી.એન.ઝાલા ૯૮૨૫૪૨૨૨૪૪***

***તમે ગમે તેટલી ઉંચી જગ્યાએ પહોંચો પણ જોવું તો નીચે જ પડે છે.***

ખેડૂત મિત્રો, ચોમાસાની સીઝનનો વરસાદ વરસી રહયો છે એવુ લાગે કે મેઘરાજા આપણી પર મહેરબાન હોય, આશા રાખીએ કે મબલખ ખેત ઉત્પાદન ઉપજે.

અત્યારે કપાસ લગભગ એકાદ મહિનાનો થયેલ છે કપાસના પાકમાં કોઈ જીવાતનો ઉપદ્રવ જણાતો નથી. તો બિન જરૂરી જંતુનાશક દવાના છંટકાવ કરશો નહી જયારે જીવાતો દેખાય ત્યારે શરૂઆત નીમ ઓઈલ (લીમડાના તેલ યુકત દવા) કે બ્યુવેરીયા બાસીઆના જેવી વાનસ્પતિક / જૈવિક દવાનો ઉપયોગ કરવાથી મોંઘીદાટ દવાના ખર્ચથી બચી શકાય. બીજું જીવાતોની ઓળખ કરીને યોગ્ય દવાનો ઉપયોગ કરવો જોઈએ. નહિતર ખેતી નફાકારક નહીં પરંતુ ખર્ચાળ સાબિત થઈ શકે છે.

મિત્રો ગુલાબી ઈયળથી બચવા માટે આગોતરું આયોજન પણ કરેલ હશે. તમારા ખેતરમાં ફેરોમોન ટ્રેપ ગોઠવવી તેમાં ગુલાબી ઈયળના નરફૂદા પકડાય તો ૮ થી ૧૦ દિવસના ગાળે અલગ અલગ દવાના છંટકાવ જેવા કે નીમ ઓઈલ અને બ્યુવેરીયા બાસીઆના, પ્રોફેનોફોસ અને સાયપર, ડેલ્ટામેથ્રીન અને ટ્રાઈઝોફોસ કરવા જોઈએ. મિત્રો એક ને એક દવાનો ઉપયોગ વારંવાર ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું.

કપાસમાં ફૂલ, ભમરી અવસ્થાએ પોટેશિયમ નાઈટ્રેટના ચાર છંટકાવ અવશ્ય કરવા જેથી ફૂલ ભમરીનું ખરણ ઓછું થાય અથવા તેને ઘરે પણ બનાવી શકાય.૨૦૦ ગ્રામ પોટાશ ખાતરને રાત્રે પાણીમાં પલાળી સવારે તેમાં ૬૦૦ ગ્રામ યુરીયા ઓગાળી આ દ્રાવણને એક એકરમાં છંટકાવ કરવો જેથી ખર્ચમાં ઘટાડો થાય. ગયા અંકે આપણે સાંકડા પાટલે વાવેતર કરવાની વાત કરી હતી જો સાંકડા પાટલે વાવેતર ન કરેલ હોય તો આંતરપાક વાવવો જેથી આવકમાં વધારો થઈ શકે.

વાવણી પછી દરેક પાકોના આરોગ્ય પર ટીમની તાલીમ થઈ છે હવે આપણે એલજીના સભ્યો સાથે તાલીમ કરીશુ.

***– કૌશિક પંડયા (૮૪૦૧૧૫૫૮૨૬)***

**રમૂજ એક થેરાપી**

રાતના ૨:૩૦ વાગ્યે ચાચીનો મોબાઈલ વાગ્યો, ચાચાએ અચાનક ઉભા થઈને જોયું તો એક મેસેજ હતો Beautiful

ચાચાએ ગુસ્સે થઈ ચાચીને ઉઠાડી ને પૂછયું, આ શું છે? તને Beautiful નો મેસેજ કોણે કર્યો છે.

ચાચી થોડી વાર વિચારમાં પડી ગયા કે ૫૫ ની ઉંમર માં Beautiful કોણ કહી શકે ભલા..એણે મોબાઈલ હાથમાં લીધો ચાચા ને કીધું, ચશ્મા પહેરીને મોબાઈલ જોયા કરો, Beautiful નહી..Battery ful લખ્યું છે.

***કયારેક જીંદગી માં ખોટી ગાડી પણ સાચા રસ્તે લઈ જાય છે.***

## માતૃભાષા

સમાજમાં અંગ્રેજીનું આંધળુ અનુકરણ ચાલી રહયું છે. બધાનાં મગજમાં અંગ્રેજીનું જ ભુત સવાર થઈ ગયું છે.

બાળક જો માતૃભાષા સારી રીતે જાણતો સમજતો હશે તો જ બીજી ભાષા સરળતાથી શીખી શકશે નહીંતર બીજી ભાષા શીખવી અઘરી પડશે. બાળકને પાયાનું જ્ઞાન એટલે કે એક થી આઠ ધોરણ સુધીનું પ્રાથમીક શિક્ષણ માતૃભાષામાં જ લેવા દો. આપણા ઘરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બીજાનું અનુકરણ કર્યા વિના ઓછા ખર્ચે સારો અભ્યાસ બાળક કરે તેનાં ઉપર વાલીએ ખાસ ધ્યાન રાખવું જોઈએ. જો વાલી અને સમાજ જાગૃત હશે તોજ આ શકય બનશે.

જગતનું ભાવિ શિક્ષકોનાં હાથમાં આપણે સોંપીએ છીએ એમનાં પર પૂરો વિશ્વાસ મૂકીને જ બાળકને સ્કૂલમાં દાખલ કરીએ છીએ નવુ નવુ શિખવાનો કે નવી પધ્ધતિથી પ્રેકિટકલ કે પ્રાયોગીક રીતે શીખવવું તે શિક્ષકની જવાબદારી છે. માત્ર પુસ્તકીયું જ્ઞાન નહીં તેની સાથે કૌશલ્ય લક્ષી જ્ઞાન, સાહિત્યનું જ્ઞાન, વ્યવહારીક જ્ઞાન પણ હોવું જરૂરી છે. જો શિક્ષકમાં દુષણ હશે તો આ લક્ષણ વિદ્યાર્થીમાં આવવાના જ છે. માતૃભાષા એ બાળકે આત્મસાત કરેલી ભાષા છે. માતૃભાષાની અવગણના ન થવી જોઈએ.

આપણી આંગણવાડીઓ, બાલવાડીઓ, પ્રાથમીક શાળાઓ, માધ્યમીક શાળાઓમાં વપરાતી અને શિખવાડાતી ગુજરાતીને વધુ મજબુત અને સુદૃઢ બનાવવા માટે માતૃભાષા સંવર્ધન માટેની ગતિવિધિઓ દરેક શિક્ષક અજમાવે તો માતૃભાષાનું મહત્વ જળવાઈ રહેશે. માતૃભાષા દ્વારા બાળકનાં સંસ્કાર, ચરિત્ર અને વ્યકિતત્વનું ઘડતર થાય છે. તેથી માતૃભાષાને દુધ ભાષા પણ કહે છે. જેની સરખામણી માતાનાં ધાવણ સાથે કરવામાં આવે છે. સ્કૂલોમાં સારા પુસ્તકો છે, લાઈબ્રેરી હોય પણ શિક્ષકો, બાળકો વાંચે નહી તો શું કરવું શિક્ષકોને તો વાંચવા, લખવામાં અતિ રૂચિ હોવી જોઈએ તો જ બાળકોમાં આ સંસ્કાર આવી શકશે. માટે શિક્ષકોએ સારા પુસ્તકો, સાહિત્યનું નિયમિત વાંચન કરવું જોઈએ. બીજા સાઈડ બીજનેશ છોડીને આમાં ધ્યાન આપવાની જરૂર છે. સરકાર પુરૂ અને સારૂ વેતન આપે છે અને કુદરતની પણ સારી દેન કહેવાય કે આપ શિક્ષક બન્યા. જો શિક્ષક, વાલી, સમાજ જાગૃત બનશે તોજ શિક્ષણનું સ્તર ઉંચું આવશે નહીતર સરકાર ગમે તેટલા પ્રયત્નો કરે કે ખર્ચ કરશે તો પણ સારુ પરિણામ મળવું મુશ્કેલ છે. આપ વ્યસનથી દુર રહો અને આપણા બાળકો, વિદ્યાર્થીઓને પણ વ્યસનથી દુર રાખો.

**— હંસરાજભાઈ જે. પેથાણી (ત્રંબોડા)**

**પૈસાદાર હોવાનો દેખાવ કરવામાં જ આપણે ગરીબ થઈ જઈએ છીએ.**

## મગફળીના મુંડાનું અસરકારક નિયંત્રણ

મુંડા ચોમાસુ ઋતુના પાકો જેવા કે મગફળી, બાજરી, જુવાર, મકાઈ, મગ, મઠ, અડદ, શેરડી અને ગજરાજ ઘાસ વગેરેનો છુપો દુશ્મન છે. કેટલીક જાતો બારેમાસ વધુ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. ગુજરાત રાજયમાંથી મુંડાની ૨૦ કરતાં વધુ જાતો નોંધાયેલી છે. મુંડા એ ઢાલપક્ષ શ્રેણીના એક જાતના કીટકની ઈયળ અવસ્થા છે. મગફળીમાં મુંડાના ઉપદ્રવથી ૨૦ થી ૮૦ ટકા જેટલું નુકશાન થાય છે.

મુંડાના ઢાલિયાના યજમાન પાક : લીમડો, બોરડી, સરગવો, મરો, આમળી, જાંબુડો, જમરૂખી, બાવળ, ખીજડો, મગફળી, બાજરી, જુવાર, મકાઈ, મગ, અડદ, ચોળી, શેરડી, ગજરાજ ઘાસ.

મુંડાનો ઉપદ્રવની જાણ: (૧) ખેતરમાં ઢાલિયા નિકળવાના છિદ્રો મોટી સંખ્યામાં જોવા મળે. (૨) ચોમાસામાં પ્રથમ વાવણીલાયક વરસાદ પછી જો યજમાન ડોની ટોચના કુમળા પાન ખવાઈ જાય/ કુમળી ડાળિયો બુઠ્ઠી થઈ જાય.

મુંડાનું સંકલિત વ્યવસ્થાપન :

(૧) મુંડાની અટકાયત માટે બીજ માવજતની પદ્ધતિઃ ચોમાસુ ઋતુમાં સમયસર વાવવાની મગફળીમાં મુંડાની અટકાયત માટે બીજ માવજત સૌથી વધુ અસરકારક તેમજ સસ્તી અને સરળ પદ્ધતિ છે. તે માટે ૨×૧.૨ મી. સાઈઝનું ડબલ પડવાળી મજબૂત પ્લાસ્ટિકની શીટને જમીન ઉપર પાથરો. આ શીટ ઉપર ૨૦ કિગ્રા સારી જાતના મગફળીના ગોળાનો ગલો કરો. જમીન જન્ય તેમજ બીજ જન્ય રોગોની અટકાયત માટે મગફળીના બીજને સૌ પ્રથમ રેકઝીલ અથવા બાવિસ્ટીન અથવા ડાઈથેન એમ–૪૫ પૈકી ગમે તે એક ફુગનાશક દવાનો ૬૦ ગ્રામ પ્રતિ ૨૦ કિગ્રા બીજ મુજબ પટ આપીને ૩૦–૪૫ મીનીટ પહોળા પાથરીને રાખવા. નીચે જણાવેલ પૈકી કોઈ એક જંતુનાશક દવાનો દશાવેલો જથ્થો માપીને ઝીણી ધારે ધીમે ધીમે મગફળી ગોળાના ઢગલા ઉપર ફરતુ ફરતુ રેડો.

ઈમીડાકલોપ્રીડ ૬૦૦ FS ૧૩૦મીલી/૨૦ કિગ્રા બીજ
કિવનાલફોસ ૨૫ EC દવા ૫૦૦મીલી/૨૦ કિગ્રા બીજ
કલોરપાયરિફોસ ૨૦ EC ૫૦૦ મીલી/૨૦ કિગ્રા બીજ
ઈમીડાકલોપ્રિડ ૨૦૦ કી ૬૦ મીલી / ૨૦ કિગ્રા બીજ
કલોથીઆનીડીન ૫૦ WDG ૪૦ગ્રા/૨૦ કિગ્રા બીજ

આ દરમ્યાન બીજા બે જણે પ્લાસ્ટિકની શીટના છેડા મજબૂત રીતે પકડીને ધીમે ધીમે થોડા સમય સુધી હલાવવા જેથી બધાજ ગોળાને દવાનો સારી રીતે પટ લાગી જાય. જરૂર જણાય તો રબ્બરના હાથ મોજા પહેરીને અથવા બંને હાથના પંજા ઉપર પ્લાસ્ટિકની કોથળી બાંધીને ગોળાને ધીમે ધીમે મોણ દેવું. ગોળાને તેજ શીટમાં અથવા પાકી ફરસ ઉપર છાંયડામાં ૩ થી ૪ કલાક સુધી પહોળા પ્રસારીને સુકાવા દેવા. માવજત આપેલ ગોળામાં બધી જ દવા શોષાઈ જાય પછી જ વાવેતર કરવું.

**દરિદ્રતા મટાવવી છે..? તો પોતાની ઈચ્છાઓને સમાપ્ત કરી દો.**

(૨) ખેતરનાં શેઢા પાળા ઉપર આવેલા યજમાન ઝાડો પૈકી ૯૦ ટકા ઝાડની મે માસમાં છટણી કરવી.

(૩) વાવણી લાયક વરસાદ બાદ ઢાલિયાના યજમાન ઝાડ ઉપર ફેરોમોન ડિસ્પેન્ચર લગાવવા.

ફેરોમોન ડિસ્પેન્ચર બનાવવા જરૂરી સામગ્રીઃ મેથોકિસ બેંજીન ફેરોમોન, સ્પોંજના ૫×૫ સેમી સાઈઝના ટુકડા, ગેલ્વેનાઈઝડ તારના ૪૫ સેમી લાંબા ટૂકડા, પથ્થરના ટૂકડાં ૫૦ ગ્રા. વજનનાં

બનાવવાની પધ્ધતિઃ એક સેમી જાડાઈની સ્પોઝના ૫×૫ સેમી સાઈઝના ટૂકડાં કરવાં. ગેલ્વેનાઈઝડ તારના ૪૫ સેમી લાંબા ટૂકડાં કરવા. ગેલ્વેનાઈઝડ તારના ટૂકડાને એક છેડે ૫૦ ગ્રામ વજનનો પથ્થરનો ટૂકડો બાંધવો. દરેક સ્પોંજના ટૂકડામાં ટપકણીયા વડે ૩ મીલી મેથોકિસ બેંજીન ફેરોમોન ટીપે ટીપે રેડવો. ફેરોમોન વાળા સ્પોંજના ટૂકડાંની એક બાજુએ ગેલ્વેનાઈઝડ તારનાં એક ટૂકડાનો ખાલી છેડો ઘોંચીને વળ દઈને ગાંઠ પાડવી.

(૪) ફેરોમોન ડિસ્પેંચર લગાવેલા ઝાડ ઉપર જંતુનાશક દવાનો છંટકાવ કરવો.

ઈમિડાકલોપ્રીડ૧૭.૮એસએલ@૧૫મીલી૧૫ લીટર

કાર્બારીલ ૫૦ વે.પા @ ૬૦ ગ્રામ/૧૫ લીટર

(૫) બીજ માવજત આપ્યા સીવાય સમયસર વાવવાની ચોમાસુ મગફળીમાં મુંડાના નિયંત્રણ માટે વાવણી પહેલા નીચે જણાવેલ પૈકી ગમે તે એક જંતુનાશક દવા ૨૦૦ લી. પાણીમાં મેળવીને ચાસમાં આપવી.

ક્લોરપાયરિફોસ ૨૦ EC દવા ૪૦૦ ગ્રા.સ.ત./હે =૨લી./હે.

ક્વિનાલફોસ ૨૫ EC દવા ૪૦૦ ગ્રા.સ.ત./હે = ૧૬૦૦ લી./હે.

(૬) ઉભા પાકમાં મુંડાનો ઉપદ્રવ જણાય તો ક્લોરપાયરિફોસ ૨૦ ટકા અથવા ક્વિનાલફોસ ૨૫ ટકા જંતુનાશક દવા ૧.૬ લીટર મુજબ ૧૦૦ કિગ્રા માટીને મોણ આપીને એક એકર વિસ્તારમાં છંટકાવ કરવો. એક–બે દિવસમાં વરસાદ ના આવે તો હળવુ પિયત આપવું.

***– રવિ ગેવરીયા, અમદાવાદ***

**વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલી શકશો તેમજ નીચેની લીક પર જઈ ઓનલાઈન પેમેન્ટ કરીને આર્થિક સહયોગ આપવા વિનંતી છે.

https://letzchange.org/nonprofits/shikshan-ane-samaj-kalyan-kendra/what-we-do

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો.

***– એસએસકેકે ટપક ટીમ***

***જીંદગી તો હળવીફુલ છે, બોજો માત્ર ઈચ્છાઓનો છે.***

દેશના અનેક રાજયોમાં ખેડૂતોને ખેત ઉત્પાદનના ભાવ મળતા નથી. તેમજ દેવા નાબુદી માટે આંદોલનો થઈ રહયા છે. ખેડૂતોના પ્રશ્ને કાયમી ઉકેલવા માટે ગંભીરતાથી વિચારવાનો સમય પાકી ગયો છે.

ખેડૂતોને અન્ય ધંધા રોજગારના મુકાબલે વધારે મહેનત કરવી પડે છે અને મહેનતનાં મુકાબલે વળતર ખુબજ ઓછું મળે છે તે સત્ય હકીકત છે. ખેડૂતોને ખેત ઉત્પાદનની લાગથના મુકાબલે ભાવ મળતાં નથી. સામેની બાજુ શહેરીજનો મોંઘવારીની બુમો પાડે છે. આ બંનેના પ્રશ્નો હલ કરવા માટે નક્કર આયોજનની જરૂર છે. નકકર આયોજનનાં અભાવે વર્ષોથી લોકો મોંઘવારીનો સામનો કરી રહયાં છે અને ખેડૂતોને પુરતુ વળતર મળતું નથી તે પણ સત્ય હકીકત છે. આ સ્થિતી ઉભી થવાનું મુખ્ય કારણ ઉત્પાદન અને જરૂરીયાતના આંકડાઓ સરકારો પાસે ખોટા પહોંચે છે. કેન્દ્ર સરકાર અને રાજય સરકારો પાસે ખેત ઉત્પાદનનાં ખોટા આંકડાઓ પહોંચવાથી અનેક વખત ઈનપોર્ટ–એક્ષપોર્ટનાં ખોટા નિર્ણયો સરકારો દ્વારા લેવાતા હોય છે. આ ખોટા નિર્ણયો નવા પ્રશ્ન પેદા કરે છે. રાજકીય પાર્ટીના આગેવાનોએ રાજનીતીમાંથી બહાર નીકળીને ખેડૂતોની આત્મહત્યા અને મોંઘવારીના પ્રશ્નના કાયમી ઉકેલ માટે નક્કર આયોજન કરવાની તાતી જરૂરીયાત છે. નક્કર આયોજનનાં અભાવે અનેક પરિસ્થિતીઓ પેદા થાય છે. જેમ કે હજારો હેકટરમાં જરૂરીયાતથી વધારે ખેડૂતો ડુંગળી પકવે છે. જરૂરીયાતથી વધારે ડુંગળી પાકવાથી માલ વેચાતો નથી અને ખેડૂતોને લાગથ મુજબ ભાવ મળતો નથી. ખેડૂત દેવાદાર બની જાય છે. બીજા વર્ષે ડુંગળીનું વાવેતર તદ્દન ઘટી જાય છે. ડુંગળીનું વાવેતર ઘટવાથી દેશના લોકોની જે જરૂરીયાત છે તેનાથી ઓછી ડુંગળી પાકવાથી ભાવ આસમાને પહોંચી જાય છે. તેથી લોકો મોંઘવારીની બૂમો પાડવા લાગે છે. આવુ દરેક પાકમાં આપણા દેશમાં થાય છે. નથી ખેડૂત ખુશ કે નથી આમ નાગરીક ખુશ વર્ષોથી મુશ્કેલી અને એની વ્યથાઓ સાંભળીને દુઃખ થાય છે. સામેની બાજુ લોકોએ મોંઘવારીનો સામનો કરવો પડે છે. તેની વ્યથાઓ પણ આપણે વર્ષોથી સાંભળતા આવીએ છીએ. આ ગંભીર પ્રશ્નના મુળમાં યોગ્ય આયોજનનો અભાવ છે. રાજનેતાઓ અને ઓફિસરોની જવાબદારી બને છે કે યોગ્ય આયોજન કરીને લોકોને આ પીડામાંથી મુકિત અપાવવી જોઈએ. આ પ્રશ્નના હલ માટે નીચે દર્શાવેલ ઉપાયોનું અમલીકરણ શિસ્તબદ્ધ રીતે કરવું જરૂરી છે.

પ્રશ્નને હલ કરવા માટે નક્કર આયોજન : દેશની ૩૦ કરોડ હેકટર ખેતીની જમીનમાં વિવિધ પાકો માટે હજારો બ્લોક બનાવવા. દરેક બ્લોકને જમીનની ગુણવત્તા અને પાણીને ધ્યાનમાં રાખીનેપાકની પસંદગી બ્લોક વાઈઝ નક્કી કરવી. દેશના લોકોની ખાદ્યજરૂરીયાત

અને જેતે પ્રોડકટનાં એક્ષપોર્ટનો સરવાળો કરી આઈટમ પ્રમાણે ઉત્પાદનની જરૂરીયાત નક્કી કરવી. દરેક બ્લોકમાં સરકારે ખાદ્યપૂરવઠાની માંગના આધારે જેતે પાક માટે આપેલી મંજૂરી મુજબ જ ખેડૂત પાક વાવી શકે તેવું સરકારે નકકર આયોજન કરવું જોઈએ. બ્લોક પ્રમાણે ઉત્પાદનના સચોટ આંકડાઓ મેળવવા માટે સરકારે ટ્રેકનોલોજીનો ભરપુર ઉપયોગ કરવો જોઈએ. ખાદ્યપુરવઠાની જાળવણી માટે જરૂરી ગોડાઉનો હોવા જોઈએ. ટ્રાન્સપોર્ટ ખર્ચ ઘટાડવા માટે જે બ્લોકમાં જે ઉત્પાદન થાય છે ત્યાં તેના પ્રોસેસીંગ યુનીટો ઉભા કરવા જોઈએ.

ઉપર મુજબના મુદ્દાઓનો સરકારો સંવેદનશીલ બનીને અમલ કરે તો ખેડૂત પણ સુખી થશે અને આમ નાગરીક પણ સુખી થશે. દેશની જરૂરીયાત મુજબ જ ઉત્પાદન થવાથી ખેડૂતોને ખેત ઉત્પાદનની લાગથ અને મહેનતનું યોગ્ય વળતર મળશે. સખત મહેનત કરીને દેશનો ખેડૂત લોકોને ખોરાક પૂરો પાડે છે તેથી ખેડૂતને જગતનો તાત કીધો છે. આ ઉપરાંત ખેત ઉત્પાદન અન્ય વ્યવસાયો ઉભા કરે તેવા પાકોને પણ મહત્વ આપવું પડે જેમ કે પેપર અને પ્લાઈ માટે લીલગીરીની ખેતી ખેડૂતોને સારૂ વળતર આપે છે.

**– મથુરભાઈ એમ. સવાણી**
mathurbhaisavani@gmail.com

## ડૉ.જી.એમ.પટેલની મુલાકાત

દરિયાકાંઠા વિસ્તારોત્થાન કાર્યક્રમ અંતર્ગત સંસ્થામાં ચાલતા કૃષિ પ્રોજેકટની પહેલી ત્રિમાસીક કામગીરીને ચકાસવા માટે તા.૭–૮ દરમ્યાન ટીમની મુલાકાત ડૉ.જી.એમ.પટેલએ કરી. છેલ્લા ત્રણ મહિનામાં થયેલ કામગીરી બાબતે ચર્ચા થઈ. હાલના સમયે મુંડા, મુળખાઈ અને ઉગસુક, ગુલાબી ઈયળ અને ચુસીયા પર માહિતી આપી હતી. જૈવિક નિયંત્રણો તથા ટ્રાઈકોડર્મા ટેકનીક વિશે સમજાવ્યું. ફેરોમોન ટ્રેપ લગાડી ઈયળો તથા જીવાતોનું નિયંત્રણ કરી ઉત્પાદન વધારવા માહિતી આપી. ફિલ્ડ વિઝિટ દરમ્યાન ખેડૂતો સાથે ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

## કોટનમાં ભાવ શોધ અને હેજિંગ

ખેડૂત મહેનત કરી અને કપાસનું ઉત્પાદન લે પરંતુ ભાવ ન મળવાના કારણે નિરાશ થાય છે. આ બાબતને ધ્યાનમાં લઈ ઈન્ટરનેશનલ કક્ષાએ આપણા કપાસનાં ભાવ કઈ રીતે નકકી થાય છે તેની જાણકારી મળી રહે તે માટે તા.૧૮–૧૯–૨૦ દરમ્યાન હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમરેલી, ચિત્તલ, ખાંભા, ધારી, ટીંબી તથા ધોકડવા મુકામે કોટનમાં ભાવ શોધ અને હેજિંગ પર ખેડૂતો સાથે જાગૃતતા કાર્યક્રમો યોજાયા હતા. જેમાં મલ્ટી કોમોડીટી એકસચેંજ (એમસીએકસ)ના આસીસટન્ટ મેનેજર દક્ષા જાનીએ માહિતી આપી હતી.

**જેટલો મોટો સંઘર્ષ એટલી જ શાનદાર જીત.**

**Happy Birthday**

| | |
|---|---|
| Shweta karad | 02.08.1996 |
| Hetal pandya | 06.08.1996 |
| Geeta nathji | 07.08.1990 |
| Kaushik chodavadiya | 18.08.1995 |
| Lalji ramu | 22.08.1994 |
| Geeta vaghela | 24.08.1997 |
| Kishan solanki | 25.08.1997 |

**In this month**

| | |
|---|---|
| 3 | EBM & AGM of sajjata sangh & GUJPRO at Ahmedabad. |
| 7-8 | Both PUs visit by Dr. G.M.Patel |
| 8 | Institute Representatives meet |
| 10-15 | Training Water security planning based on Groundwater Management at Bhuj. |
| 11-12 | LRC review meeting at Sayla. |
| 18-20 | MCX workshops Amreli, Chittal, Khambha, Dhari, Timbi and Dhokadava |
| 20 | KJDs debriefing by NABARD |
| 21-22 | Training for CEO & BOD of FPOS |
| 22 | INGJ 45 & 46 staff meeting. |
| 22 | Coordination meeting |
| 25 | Meeting on fair-trade certification for groundnut crop |
| 25-26 | BCI Agronomic TOT after sowing & crop health aspect for PU Staff at JAU. |
| 25-28 | Gender training at Ahmedabad |
| 29 | ProEngage orientation workshop |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સફળતાની સીડી ખિસ્સામાં હાથ રાખીને ચડી શકાતી નથી.**